**Extra No. 266**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVI ] THURSDAY, JULY 17, 2025 / ASHADHA 26, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી જુલાઈ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખઃ ૧૪મી મે, ૨૦૨૫ના હુકમ ક્રમાંકઃ કેપી/૨૦૨૫નો ૧૯/પીઆરએચઆરડીડી/જેઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/૧૧૫૯/સેક્શન-જ.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેન્દ્રસિંહ સોલંકી,**

સરકારના નાયબ સચિવ.

**ORDER**

***Under***

**The Gujarat Panchayats Act, 1993**

**ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ**

**હુકમ**

**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી મે, ૨૦૨૫

**ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.**

**ક્રમાંકઃ કેપી/૨૦૨૫નો ૧૯/પીઆરએચઆરડીડી/જેઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/૧૧૫૯/સેક્શન-જઃ-** ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ: ૧લી જાન્યુઆરી, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક. કેવી/૨૦૨૫નો ૦૭/યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૫૯૩૨/પી સેક્શન અને કેવી/૨૦૨૫નો ૦૯/યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૫૯૩૨/પી સેક્શનથી, મોરબી જિલ્લાના શકતશનાળા, રવાપરા, લીલાપર, અમરેલી, નાની વાવડી, ભડિયાદ (જવાહર), ત્રાજપર (માળિયા વનાળિયા), મહેન્દ્રનગર (ઈન્દિરાનગર) અને માધાપર/ વજેપર ઓ.જી. ગ્રામ પંચાયતના વિસ્તારોને ''મોટા શહેરી વિસ્તાર'' તરીકે નિર્દિષ્ટ કર્યા છે અને મોરબી સિટી (શહેર)ની મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના કરી છે;

અને સદરહુ ગ્રામ પંચાયતોના વિસ્તારો ''મોટા શહેરી વિસ્તાર'' હોવાથી, સંબંધિત તાલુકા પંચાયત, મોરબીના સંબંધિત મત વિસ્તારમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને જેના મત વિસ્તારનો સદરહુ શહેરી વિસ્તારમાં સંપૂર્ણપણે સમાવેશ કર્યો છે તેવા તાલુકા પંચાયત, મોરબીના ચૂંટાયેલા પ્રતિનિધિઓના કિસ્સામાં, અનુસૂચિની કોલમો (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, તેઓ, તાલુકા પંચાયત, મોરબીના પ્રતિનિધિ હોવાનું બંધ થતાં, તાલુકા પંચાયતના સભ્યો તરીકે ચાલુ રહી શકશે નહિ;

અને ગુજરાત સરકારે, અનુસૂચિની કોલમો (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, મત વિસ્તારોનું પ્રતિનિધિત્વ કરતા, તાલુકા પંચાયત, મોરબીના પ્રતિનિધિનો હોદ્દો સમાપ્ત કરવાનું નક્કી કર્યું છે;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિમય, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮-મા)ની કલમ ૨૬૪ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,-

૧. વિદ્યમાન મોરબી તાલુકા પંચાયતના સભ્યોની સંખ્યા વચગાળાના પગલા તરીકે ઘટાડીને ૨૧ કરે છે;

૨. સદરહુ તાલુકા પંચાયતમાંથી બાકાત કરી છે તે તાલુકા પંચાયત, મોરબીના, આ સાથે જોડેલી અનુસૂચિના મોરબી તાલુકા પંચાયતના વિસ્તારોની અંદર આવતા, કોલમ (૪)માં નિર્દિષ્ટ મતવિસ્તારનું પ્રતિનિધિત્વ દર્શાવતા, કોલમ (૫)માં નિર્દિષ્ટ મોરબી તાલુકા પંચાયતના સભ્યોના હોદ્દા સમાપ્ત કરે છે.

**અનુસૂચિ**

| અનુ-ક્રમાંક | જિલ્લા પંચાયતનું નામ | તાલુકા પંચાયતનું નામ | તાલુકા પંચાયતના મત વિસ્તારના નામ અને નંબર | તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યનું નામ |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧. | મોરબી | મોરબી | ૧૩- મહેન્દ્રનગર-૧ | ભાવનાબેન જયંતિલાલ શેરસિયા |
| ૨. | મોરબી | મોરબી | ૧૪-મહેન્દ્રનગર-૨ | રસિલાબેન ઘોઘાભાઈ સિપારા |
| ૩. | મોરબી | મોરબી | ૨૨-રવાપર-૧ | ચિરાગ શિવલાલભાઈ કસુન્દ્રા |
| ૪. | મોરબી | મોરબી | ૨૫-ત્રાજપર-૧ | અશ્વિનભાઈ ગોરધનભાઈ પાટડિયા |

| અનુ-ક્રમાંક | જિલ્લા પંચાયતનું નામ | તાલુકા પંચાયતનું નામ | તાલુકા પંચાયતના મત વિસ્તારના નામ અને નંબર | તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યનું નામ |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૫. | મોરબી | મોરબી | ૨૬-ત્રાજપર-૨ | જલાભાઈ સામતભાઈ ડાભી |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**દર્શન દેસાઈ,**

સરકારના ઉપસચિવ.

---



Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.23 21:59:44 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar